# એકેડેમીક કાઉન્સીલની આઠમી બેઠક(ખાસ)નો અહેવાલ

આઇ.આઇ.ટી.ઈ. ખાતે આજ રોજ તા. 10/10/2020ના રોજ સાંજે 05:00 કલાકે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એકેડેમીક કાઉન્સીલની આઠમી બેઠક (ખાસ) મળેલ હતી.

જેમાં નીચેના સભ્યો હાજર રહેલ હતા.

- ડો. હર્ષદ પટેલ, કુલપતિશ્રી-અધ્યક્ષશ્રી
- ડો.વિરલ જાદવ, ડાયરેક્ટર સેન્ટર ઓફ ટ્રેનીંગ, આઇ.આઇ.ટી.ઇ
- ડો. હિમાંશુ પટેલ, રજીસ્ટ્રાર/સભ્ય સચિવ ,આઈ.આઈ.ટી.ઇ.

એકેડેમીક કાઉન્સીલની આ બેઠકમાં નીચેના સભ્યો માન. અધ્યક્ષશ્રીની મંજૂરી બાદ વિડીયો કોન્ફરન્સીગથી જોડાયેલ હતા.

- ડો. કલ્પેશ પાઠક,ડાયરેક્ટર સેન્ટર ઓફ એજ્યુકેશન,આઇ.આઇ.ટી.ઇ
- ડો. દિવ્યા શર્મા, ડાયરેક્ટર, સેન્ટર ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન,આઈ.આઈ.ટી.ઇ.
- ડો. પ્રેરણા શેલત, પ્રોફેસર,સેન્ટર ઓફ એજ્યુકેશન.આઈ.આઈ.ટી.ઈ.
- ડો. જયના જોશી, પ્રોફેસર,સેન્ટર ઓફ એજ્યુકેશન,આઇ.આઈ.ટી.ઈ.
- ડો. મેહુલ દવે, ડાયરેક્ટર, સેન્ટર ઓફ એકસટેન્શન.આઈ.આઈ.ટી.ઇ.
- ડો.સુધીરકુમાર ટંડેલ, ડાયરેક્ટર સેન્ટર ઓફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ
- ડો. ભરત જોશી, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ
- ડો. સતિષપ્રકાશ શુક્લ, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ
- ડો. દિપ્તી ઓઝા, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ
- ડો. આર.સી. પટેલ, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ.

નીચેના સભ્યો ગેરહાજર રહેલ હતા

- ડો. ભરત રામાનુજ, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ
- ડો. અમૃત ભરવાડ, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ.
- ડો. ટી.એસ. જોશી, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ
- ડો. એચ.બી. પટેલ, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ.

મીટીંગમાં નીચે મુજબની ચર્ચા / નિર્ણયો અંગે ભલામણ થયેલ હતી.

મિટિંગની શરૂઆતમાં મેમ્બર સેક્રેટરી તથા રજીસ્ટ્રાર દ્વારા એકેડેમીક કાઉન્સીલની યુનિવર્સિટીની આ બેઠકમાં સર્વે સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું તથા આ યુનિવર્સિટીના આગામી એકેડેમીક આયોજન માટે મળેલ બેઠકમાં ઉપસ્થિત રહેવા બદલ સર્વે સભ્યશ્રીઓનો આભાર માનવામાં આવ્યો અને મિટિંગનું કામકાજ શરૂ કરવામાં આવેલ હતું.

એજન્ડા-૧ આઈ.આઈ.ટી.ઈ. ખાતે સેન્ટર ઓફ એકસટેન્શન અંતર્ગત ચાલતા M.A.(Education) તથા B.A.(Education)નું અભ્યાસક્રમ માળખું તથા તદનુસારના તૈયાર કરવામાં આવેલ મૂલ્યાંકન માળખુ મંજૂરી અર્થે ચર્ચા વિચારણા અંગે.



Scanned with CamScanner

ઠરાવ-૧ આઈ.આઈ.ટી.ઈ. ખાતે સેન્ટર ઓફ એક્સટેન્શન અંતર્ગત ચાલતા M.A.(Education) તથા B.A.(Education)નું અભ્યાસક્રમ માળખું તથા તદ્દનુસારના તૈયાર કરવામાં આવેલ મૂલ્યાંકન માળખાને ગહન ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-૨ ગત તા. 13/9/2020 ની મળેલ એકેડેમીક કાઉન્સીલની બેઠકના ઠરાવ ક્રમાંક-9 અનુસાર તમામ કોલેજો સાથે તા. 15/9/2020 થી તા. 8/10/2020 દરમ્યાન ઓનલાઇન પ્રેઝન્ટેશન તથા પરામર્શ કર્યા બાદ સંવર્ધિત કરેલ બી.એડ. અભ્યાસક્રમ તથા બી.એ.-બી.એડ., બી.એસ.સી.-બી.એડ. એમ.એસ.સી./એમ.એ.-એમ.એડ., બી.એડ. એમ.એડ. તેમજ એમ.એડ. અભ્યાસક્રમ તૈયાર કરેલ છે. તે કાઉન્સીલ સમક્ષ મંજૂરી અંગે ચર્ચા અર્થે.

ઠરાવ-2 ગત તા. 13/9/2020 ની મળેલ એકેડેમીક કાઉન્સીલની બેઠકના ઠરાવ ક્રમાંક-9 અનુસાર તમામ કોલેજો સાથે તા. 15/9/2020 થી તા. 8/10/2020 દરમ્યાન ઓનલાઇન પ્રેઝન્ટેશન તથા પરામર્શ કર્યા બાદ સંવર્ધિત કરેલ બી.એડ. અભ્યાસક્રમ તથા બી.એ.-બી.એડ., બી.એસ.સી.-બી.એડ. એમ.એસ.સી./એમ.એ.-એમ.એડ., બી.એડ. એમ.એડ. તેમજ એમ.એડ. અભ્યાસક્રમ તૈયાર કરાયેલ અભ્યાસક્રમને વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-3 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 શ્રેષ્ઠ અમલીકરણ માટેની યુનિવર્સિટી કક્ષાની કમિટી રચના અંગે ગત મિટિંગમાં થયેલ ઠરાવ અનુસાર યુનિવર્સિટી કક્ષાની કમિટીની રચના કર્યાનું જાણ અંગે.

ઠરાવ-3 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 શ્રેષ્ઠ અમલીકરણ માટેની યુનિવર્સિટી કક્ષાની કમિટી રચના અંગે જોડાણ-1 અનુસાર યાદી સભ્યશ્રીઓ સમક્ષ રજૂ કરવામાં આવી જેને મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-4 શિક્ષણ મંત્રાલય, કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ શિક્ષક પર્વ ની ઉજવણીના ભાગરૂપે તા. 5 સપ્ટેમ્બર થી 25 સપ્ટેમ્બર દરમ્યાન 'હજુ મને યાદ છે' કાર્યક્રમ અંતર્ગત સમાજના અગ્રણીઓના જીવનમાં બદલાવ લાવનારા શિક્ષકોની વાતને સોશ્યલ મીડિયામાં રજૂ કરવામાં આવેલ તેની જાણ અંગે.

ઠરાવ-4 શિક્ષણ મંત્રાલય, કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ શિક્ષક પર્વ ની ઉજવણીના ભાગરૂપે તા. 5 સપ્ટેમ્બર થી 25 સપ્ટેમ્બર દરમ્યાન 'હજુ મને યાદ છે' કાર્યક્રમ અંતર્ગત સમાજના અગ્રણીઓના જીવનમાં બદલાવ લાવનારા શિક્ષકોની વાતને સોશ્યલ મીડિયામાં રજૂ કરવામાં આવી જે ખુબજ સરાહનીય બાબત છે. યુનિવર્સિટી દ્વારા આવી પ્રેરણાત્મક વાતોને સમાજ સુધી પહોંચાડવાથી શિક્ષક ગૌરવ ઉજાગર થઈ શકે.

એજન્ડા-5 આઈ.આઈ.ટી. ઈ. તથા 'નેક' ના સંયુક્ત ઉપક્રમે તમામ શિક્ષક પ્રશિક્ષણ કોલેજો સાથે એક દિવસીય 'નેક એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન પ્રોસેસ ફોર ટીચર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂસન્સ' વિષે વેબીનાર યોજાયેલ તે અંગેની જાણ અંગે.



Scanned with CamScanner

ઠરાવ-5 આઈ.આઈ.ટી. ઈ. તથા 'નેક' ના સંયુક્ત ઉપક્રમે તમામ શિક્ષક પ્રશિક્ષણ કોલેજો સાથે એક દિવસીય 'નેક એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન પ્રોસેસ ફોર ટીચર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂસન્સ' વિષે વેબીનાર યોજાયેલ તે જાણ પર લેવામાં આવ્યું. તથા આગામી સમયમાં પણ આ પ્રકારનો સેમિનાર યોજાવો તેવું ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-6 શૈક્ષણિક વર્ષ 2019-20 માં લેવાયેલ તમામ પરીક્ષાના પરિણામો જાહેર કર્યાનું જાણ અર્થે.

ઠરાવ-6 શૈક્ષણિક વર્ષ 2019-20 માં લેવાયેલ તમામ પરીક્ષાના પરિણામો જાહેર કર્યાનું જાણ પર લેવામાં આવ્યું.(જોડાણ-2)

તા. 10-10-2020

કુલસચિવ



Scanned with CamScanner